જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૧૨/૨૦૧૭ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૬૧૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૨૨૧ લીટર દેશી દારૂ, ૫૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૦૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૬ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૧ સ્કૂટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૪ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨૧,૦૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૬૨૦/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૬૨૧/૧૭**

**વટવાઃ** નરેન્દ્રકુમાર જશવંતલાલ મોદી (રહે.સાકાર ટેનામેન્ટ કેડીલાબ્રીજની પાસે ઘોડાસર વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૨/૧૭ કલાક ૬/૦૦ થી તા.૨૮/૧૨/૧૭ કલાક ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની બારીની ગ્રીલ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના અને ચાંદીની લગડી મળી કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.સાટીયા ચલાવે છે.

**આત્મહત્યા :- સમાચાર યાદી નં.૨૬૨૨/૧૭**

**ઘાટલોડીયાઃ** ધનંજય સ/ઓ હરેશભાઇ મહંતો (ઉ.વ.૨૫) (રહે. એ.એમ.સી ના ખુલ્લા મેદાનમા કાચા છાપરામાં માનવ મંદિરની પાસે મેમનગર) એ અગમ્ય કારણસર તા.૨૮/૧૨/૧૭ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પાટીદાર ગર્લ્સ હોસ્ટેલ સામેના મેદાનમાં આવેલ બાવળની ઝાડીમા બાવળ સાથે દોરી બાંધી ગળે ફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહિપતસિંહ તખતસિંહ ચલાવે છે.

**સરખેજઃ** જહીરુદ્દીન મોઈનુદ્દીન શેખ (ઉ.વ.૩૧) (રહે.નમીરા ફ્લેટ સવેરા હોટલ સામે લોખંડવાલા પાર્ટીપ્લોટ  અંદર ગલીમા ફતેવાડી સરખેજ) એ અગમ્ય કારણસર તા.૨૮/૧૨/૧૭ બપોરના ૨/૫૦ વાગ્યા પહેલા ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.કે.પંડ્યા ચલાવે છે.

**ચાંદખેડાઃ** પિનલબહેન ડો/ઓ પ્રવિણભાઇ બોડાત (ઉ.વ.૨૦) (રહે. નારાયણ રેસીડન્સી બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ સામે ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૧/૧૨/૧૭ રાતના ૧૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.એસ.ડાભી ચલાવે છે.

**ખોખરાઃ** ગણેશભાઇ રામચંદ્રગોરપડે (મરાઠી) (ઉ.વ.૨૭) (રહે.કાશીબાનગર આરતીનગર સામે ભાઇપુરા ખોખરા) એ અગમ્ય કારણસર તા.૨૮/૧૨/૧૭ બપોરના ૨/૦૦ થી ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.મકવાણા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.